પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-11-2026 **Midday : 2.30 to 2.35 PM**

Day : WEDNESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મેહતા** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

CM GARBADA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આદિજાતિ વિસ્તાર એવા દાહોદના ગરબાડાના 72 કલાકના પ્રવાસે પહોંચ્યા છે. તેમણે ગરબાડામાં ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલીથી પોતાના આ ત્રિદિવસીય પ્રવાસનો પ્રારંભ કર્યો હતો.મુખ્યમંત્રી લોકો વચ્ચે ગયા અને માતાઓ-બહેનો, યુવાનો તથા વડીલો સાથે આત્મીય સંવાદ કરીને તેમના ખબર-અંતર પુછ્યા હતા.

મુખ્યમંત્રીનું પરંપરાગત આદિવાસી કોટી અને તીર કામઠાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી દાહોદના આદિવાસી ગામોમાં ૭૨ કલાકના તેમના રોકાણ દરમિયાન લોક સંપર્ક, આદિવાસી પરિવારના ઘરે ભોજન તથા ગામમાં રાત્રી રોકાણ અને ખાટલા બેઠક પણ યોજશે.

LS SPEAKER OM BIRLA VISIT

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ મહેસાણામાં વડનગર સ્થિત હાટકેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કર્યા. હવે તેઓ પ્રેરણા સ્કૂલ, પુરાતત્વીય સંગ્રહાલય અને અન્ય સ્થળોની મુલાકાત લેશે રાજ્યના પ્રવાસ દરમિયાન અગાઉ આજે સવારે શ્રી બિરલાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત અને બેઠક યોજી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

OPERATION HEALTH IN STATE

આરોગ્ય અને ખોરાક ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી જનજાગૃતિ અભિયાન 'ઑપરેશન હૅલ્થ'નો પ્રારંભ કરાયો. લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા અને ખાદ્ય પદાર્થોમાં પારદર્શકતા લાવવાના હેતુસર ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ અભિયાન શરૂ કરવાનો નિર્ણય લેવાયો. રાજ્યભરમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેના તફાવત અંગે ગ્રાહકોમાં વ્યાપક જાગૃતિ લાવવાના હેતુસર આ અભિયાન હાથ ધરાશે. આ અંગે શ્રી પાનશેરિયાએ લોકોને ખાદ્યચીજવસ્તુઓની ખરીદી પહેલા પેકેટ પરનું લખાણ તપાસીને તેનું નામ, તેમાં રહેલા ઘટકોની યાદી અને પોષકતત્વોની માહિતી ચકાસી લેવા અપીલ કરી છે.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

JND LILI PARIKRAMA

જુનાગઢમાં ગિરનાર પર્વત ફરતે આ શુક્રવારે દેવઉઠી એકાદશીથી 36 કિલોમીટરની લાંબી લીલી પરિક્રમાનો પ્રારંભ થશે. હાલ ભવનાથમાં સાધુ-સંતોનું આગમન શરૂ થઈ ગયું છે. યાત્રાળુઓ અને નાના-મોટા ધંધાર્થીઓ માટે અન્નક્ષેત્ર પણ શરૂ કરાયા છે. તંત્ર દ્વારા પરિક્રમા માટેની તૈયારી પૂર્ણ કરવામાં આવી હોવાનું જિલ્લા કલેક્ટર યોગેશ ચૌધરીએ જણાવ્યું.

(BYTE: YOGESH CHAUDHARY, COLLECTOR, JUNAGADH)

SOMNATH ARMY PUSHPANJALI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર પર આજે પુષ્પવર્ષા કરવામાં આવી. ભારતીય સેનાની વિશેષ સાહસિક ઉડ્ડયન ટીમ “માઉન્ટેન ઈગલ્સ” દ્વારા પુષ્પવર્ષા કરી હવાઈ અભિવાદન કરાયું. ભારતીય સેનાના આ વિશેષ અભિયાનનો પ્રારંભ ગત 14 નવેમ્બરે મહૂથી કરાયો હતો.

અંદાજે ત્રણ હજાર 200 કિલોમીટરની રાષ્ટ્રીય હવાઈ સાહસયાત્રા અંતર્ગત ટીમ દ્વારા પશ્ચિમ અને મધ્ય ભારતના વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં ઉડ્ડયન કરવામાં આવી રહ્યું છે. આર્મી એૅડવેન્ચર નૉડલ સેન્ટર, મિલિટરી કૉલેજ ઑફ ટેલિકમ્યુનિકેશન એૅન્જિનિયરિંગ મહૂ દ્વારા આર્મી એડવેન્ચર વિન્ગના નેજા હેઠળ આ અભિયાનનું આયોજન કરાયું.

ARV SHAMLAJI SIDDHI

અરવલ્લીમાં સ્થિત ઐતિહાસિક પ્રાચીન શામળાજી મંદિરને વર્લ્ડ રેકોર્ડ ઑફ ઍક્સલેંન્સમાં સ્થાન મળ્યું છે. સાથે જ મંદિરની ઐતિહાસિક ભવ્યતા અને ધાર્મિક મહત્તાને આંતરરાષ્ટ્રીય ઓળખ મળી છે. જ્યુરી ટીમ દ્વારા સંપૂર્ણ વેરિફિકેશન કર્યા બાદ મંદિરને સત્તાવાર પ્રમાણપત્ર એનાયત કરાયું હતું.

વર્લ્ડ રેકોર્ડ ઑફ ઍક્સલેંન્સના વાઈસ પ્રેસિડેંન્ટ સંજય પંજવાણીએ મંદિર પ્રાંગણમાં અર્પણ કરેલું આ સન્માન મંદિર ટ્રસ્ટના ઉપપ્રમુખ રણવિર સિંહે સ્વીકાર્યું. આગામી જાન્યુઆરીમાં નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે યોજાનારા ભવ્ય સમારોહમાં મંદિરને આ પ્રમાણપત્ર એનાયત કરાશે.

(BYTE; RANVIRSINH DABHI, CHAIRMAN, SHAMLAJI VISHNU TEMPLE TRUST)

ADIJATI KHEDUT RAVI PAK

રાજ્યમાં આદિજાતિ ખેડૂતોને પણ હવે રવિ પાક માટે કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ મળશે. આ ખેડૂતોને જે રીતે ખરીફ ઋતુમાં બિયારણ અને ખાતરની સહાય અપાય છે. એ જ રીતે આ વર્ષથી આ સહાય રવિ પાક માટે પણ અપાશે. એટલે આ વર્ષે 48 હજાર 190 આદિજાતિ ખેડૂતોને બિયારણ અને ખાતરનું વિતરણ કરાશે તેમ, સત્તાવાર યાદીમાં જણાવાયું.